**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date : 28-01-2025** **EVENING : 7.50 to 8.00**

**Day : TUESDAY** **National News**

**આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'ઉત્કર્ષ ઓડિશા, મેક ઇન ઓડિશા કોન્ક્લેવનું ઉદઘાટન કરતા ઓડિશાને નવી આકાંક્ષાઓ, તકો અને આશાવાદની ભૂમિ ગણાવી
- ઉત્તરાખંડના દહેરાદુનમાં 38મા રાષ્ટ્રીય રમતોત્સવનો પ્રારંભ
- આવતીકાલે મૌની અમાવસ્યા નિમિત્તે મહાકુંભમાં શ્રદ્ધાળુઓના ધસારાને પહોંચી વળવા રેલ્વેએ વધારાની ટ્રેનોનું આયોજન કર્યું.
- શ્રીલંકાના નૌકાદળ દ્વારા ભારતીય માછીમારો પર ગોળીબારની ઘટનાનો ભારતે સખત વિરોધ કર્યો.
- રાજકોટમાં રમાઇ રહેલી ત્રીજી ટી-20 મેચમાં ભારત સામે ઇંગલેન્ડની નબળી શરૂઆત

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**UTKARSH ODISHA:MAKE IN ODISHA**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું કે ઓડિશા ટૂંક સમયમાં ઔદ્યોગિક વિકાસનું એક એવું આદર્શ ઉદાહરણ બનશે જેની કોઈએ ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓડિશા નવી આકાંક્ષાઓ, તકો અને આશાવાદની ભૂમિ છે જે તમામ રોકાણકારો અને ઉદ્યોગપતિઓને સફળતાના શિખર પર પહોંચાડશે.

આજે ભુવનેશ્વરના જનતા મેદાન ખાતે 'ઉત્કર્ષ ઓડિશા, મેક ઇન ઓડિશા કોન્ક્લેવ-2025'નું ઉદ્ઘાટન કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે ઓડિશા હંમેશા તેમની પ્રાથમિકતા રહ્યું છે કારણ કે તેઓ દેશના પ્રધાનમંત્રી બન્યા પછી લગભગ 30 વખત રાજ્યની મુલાકાત લઈ ચૂક્યા છે. પ્રધાનમંત્રીએ રોકાણકારો અને ઉદ્યોગપતિઓને ઓડિશામાં સંશોધન પ્રવૃત્તિ માટે એમએસએમઇ અને સ્ટાર્ટઅપ્સને મદદ કરવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે ઓડિશાના મુખ્યમંત્રી મોહનચરણ માઝી, કેન્દ્રીય મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન અને અશ્વિની વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસનાં આ રોકાણ સંમેલનમાં પાંચ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવવાની સંભાવના છે. ઓડિશા સરકાર અને રોકાણકારો વચ્ચે 100 એમઓયુ થવાની  સંભાવના છે.

. . . . . . . . . . . . . . .

ઉત્તરાખંડના દેહરાદૂન સ્થિત મહારાણા પ્રતાપ સ્ટેડિયમ ખાતે 38મા રાષ્ટ્રીય રમતોત્સવનો ઉદઘાટન કાર્યક્રમ હાલ ચાલી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં ઉપસ્થિત છે.

આકાશવાણીના દહેરાદુનના પ્રતિનિધી જણાવે છે કે, 14 ફેબ્રુઆરી સુધી ચાલનારો રમતોત્સવ રાજ્યનાં 8 જિલ્લાનાં 11 શહેરોમાં યોજાશે. 35 રમતોમાં કુલ 47 સ્પર્ધા યોજાશે અને 10 હજારથી વધુ રમતવીરો ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધામાં પ્રથમ વાર યોગ અને મલખમને સામેલ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . .

**ALL PARTY MEETING**

સંસદના બજેટ સત્ર પહેલાં, સરકારે ગુરુવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદનું બજેટ સત્ર શુક્રવારથી શરૂ થશે.

. . . . . . . . . . . . . . .

**BUDGET EXPECTATION**

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ 2025-26 માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. બજેટ રજૂ થાય તે પહેલાં આકાશવાણી સમાચાર, નિષ્ણાતો અને લોકોની કેન્દ્રીય બજેટ પાસેથી અપેક્ષાઓ રજૂ કરતી એક વિશેષ શ્રેણી પ્રસારીત કરી રહ્યું છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી- FICCI ના ડાયરેક્ટર જનરલ જ્યોતિ વીજે જણાવ્યું કે, બજેટમાં લાંબા ગાળાની વૃધ્ધિ માટે પગલાં પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ. સીઆઇઆઇ ICTE કમિટીના ચેરેમન વિનોદ કુમારે આશા વ્યક્ત કરી કે બજેટમાં ઉત્પાદન અને રોજગાર સર્જન પર વધુ ભાર મૂકવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

**MAHAKUMB SP. TRAIN**

અને હવે મહાકુંભ અંગેનાં સમાચાર

મહાકુંભનું બીજું અમૃત સ્નાન આવતીકાલે પ્રયાગરાજમાં મૌની અમાવસ્યા નિમિત્તે થશે. મૌની અમાવસ્યાનું ધાર્મિક મહત્વ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ દિવસે અમૃત સ્નાન ખૂબ જ શુભ માનવામાં આવે છે. વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડા તરીકે ઓળખાતા મહા કુંભ મેળાની શરૂઆત 13 જાન્યુઆરીએ થઈ હતી અને પ્રથમ અમૃત સ્નાન 14 જાન્યુઆરીએ મકર સંક્રાંતિના દિવસે થયું હતું.

મૌની અમાવસ્યા સ્નાન માટે પ્રયાગરાજમાં કરોડો ભક્તો અને પ્રવાસીઓ એકઠા થવાની સંભાવના છે, ત્યારે મેળા વહીવટીતંત્ર અને પોલીસે ભક્તોને સુરક્ષિત અને આરામદાયક અનુભવ સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા પગલાં વધુ સઘન બનાવ્યા છે.

આવતીકાલે મૌની અમાવસ્યા નિમિત્તે પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના ધસારાને પહોંચી વળવા માટે ભારતીય રેલ્વેએ વધારાની ટ્રેનોનું આયોજન કર્યું છે. રેલવે બોર્ડના ચેરમેન અને સીઈઓ સતીશ કુમારે જણાવ્યું

હતું કે રેલવેએ અગાઉ શરૂ કરેલી ખાસ ટ્રેનો ઉપરાંત 60 વધારાની ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે, આ સાથે મૌની અમાવસ્યાના અવસરે દોડાવાનારી કુલ ખાસ ટ્રેનોની સંખ્યા લગભગ 190 થશે.

શ્રી કુમારે જણાવ્યું કે, આ ખાસ ટ્રેનો ઉપરાંત, રૂટ પર નિર્ધારિત 110 નિયમિત ટ્રેનો રાબેતા મુજબ દોડશે. તેમણે કહ્યું કે, પ્રયાગરાજથી દર 4 મિનિટે મુસાફરો માટે ટ્રેન ઉપલબ્ધ રહેશે. શ્રી કુમારે ઉમેર્યું હતું કે રેલવે ઉત્તર પ્રદેશ સરકાર સાથે ગાઢ સંકલનમાં શ્રદ્ધાળુઓ માટે વધુ સારી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે.

. . . . . . . . . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . .

**DELHI-CAMPAIGN**

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે, તેમ તેમ પ્રચાર વેગ પકડી રહ્યો છે. 70 સભ્યોની દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપ, આમઆદમી પાર્ટી અને કોંગ્રેસના અગ્રણી નેતાઓ રેલીઓ, રોડ શો અને ડોર-ટુ-ડોર પ્રચાર કરીને મતદારોને તેમના ઉમેદવારોની તરફેણમાં આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ ભાજપના ઉમેદવારો માટે આજે પ્રચાર કર્યો હતો. આમઆદમી પાર્ટીના નેશનલ કન્વીનર અરવિંદ કેજરીવાલે રેલી યોજી હતી, જ્યારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને રોડ શો યોજ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પતપડગંજ મતવિસ્તારમાં રેલીને સંબોધી હતી.

. . . . . . . . . . . . . . .

**GADKARI - ABHAY**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે જણાવ્યું હતું કે 2024 માં લગભગ 5 લાખ માર્ગ અકસ્માતો થયા હતા, જેમાં એક લાખ 80 હજાર લોકોનાં મૃત્યુ થયા હતા. નવી દિલ્હીમાં ગ્રામીણ વિકાસ અને ટેકનોલોજી કેન્દ્ર દ્વારા પ્રોજેક્ટ અભયના સમાપન કાર્યક્રમને સંબોધતા, શ્રી ગડકરીએ ભાર મૂક્યો હતો કે 66 ટકા મૃતકો 18 થી 34 વર્ષની વય જૂથના હતા. તેમણે ઉમેર્યું હતું કે માર્ગ અકસ્માતોથી દર વર્ષે દેશની GDP ને ત્રણ ટકા નુકસાન થાય છે. શ્રી ગડકરીએ નિકાસને વેગ આપવા માટે લોજિસ્ટિક ખર્ચ ઘટાડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

પ્રોજેક્ટ અભયના પાયલોટ તબક્કાના સફળ સમાપનની પ્રશંસા કરતા મંત્રીએ ટ્રક ડ્રાઇવરોની સંખ્યા વધારવાની તાત્કાલિક જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો, કારણ કે દેશમાં હાલમાં 22 લાખ ડ્રાઇવરોની અછત છે.

. . . . . . . . . . . . . . .

**SRILANKA FIRING ON FISHERMEN**

શ્રીલંકાના નૌકાદળ દ્વારા ભારતીય માછીમારો પર ગોળીબારની ઘટનાનો ભારતે સખત વિરોધ કર્યો છે. શ્રીલંકાના નૌકાદળે આજે વહેલી સવારે ડેલ્ફ્ટ ટાપુ નજીક 13 ભારતીય માછીમારોની ધરપકડ કરી છે, જેમનાં પર ગોળીબારમાં બેને ગંભીર ઈજાઓ અને બે માછીમારોને સામાન્ય ઇજાઓ થઈ હતી.

નવી દિલ્હીમાં શ્રીલંકાના કાર્યકારી ઉચ્ચાયુક્તને આજે સવારે વિદેશ મંત્રાલયમાં બોલાવીને આ ઘટનાનો સખત વિરોધ નોંધાવ્યો હતો. કોલંબોમાં ભારતીય હાઈ કમિશને પણ શ્રીલંકા સરકારના વિદેશ મંત્રાલય સમક્ષ આ મામલો ઉઠાવ્યો છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, જાફનામાં ભારતીય કોન્સ્યુલેટના અધિકારીઓએ હોસ્પિટલમાં ઘાયલ માછીમારોની મુલાકાત લીધી હતી અને તેમને અને તેમના પરિવારોને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . .

**INDIA ENGLAND CRICKET**

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતે ટોસ જીતીને ઇંગલેન્ડ સામે ફિલ્ડીંગ પસંદ કરી છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે ઇંગલેન્ડે 12.4 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 108 રન કર્યા છે.

ઇંગલેન્ડની શરૂઆત ખરાબ રહી. હાર્દિક પંડ્યાની બોલિંગમાં ફિલ સોલ્ટ કેચ આઉટ થતાં સાત રને પ્રથમ વિકેટ પડી હતી.

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ પાંચ મેચની શ્રેણીમાં 2-0થી આગળ છે.

. . . . . . . . . . . . . . .

**BAGPHAT - LADDU MAHOTSAV STAMPADE**

ઉત્તર પ્રદેશના બાગપતમાં આજે એક ધાર્મિક કાર્યક્રમમાં લાકડાનું સ્ટેજ તૂટી પડતાં સાત લોકોના મોત થયા છે અને 8 પોલિસ કર્મચારીઓ સહિત 45 લોકોને ઇજા થઈ છે. જૈનોના પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથના 'નિર્વાણ લડ્ડુ પર્વ' માં ભાગ લેવા માટે ભક્તો મંચ પર ચઢી જતાં સર્જાયેલી અરાજકતાના કારણે આ દુર્ઘટના ઘટી હોવાના અહેવાલ છે.

બાગપત જિલ્લા મેજિસ્ટ્રેટ અસ્મિતા લાલે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. તપાસ સમિતિ એક સપ્તાહમાં અહેવાલ આપશે. કાર્યક્રમ માટે સ્ટેજ બનાવનાર કોન્ટ્રાક્ટર સામે કેસ દાખલ કરીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . .